દાનવનો દશેરા, માનવની દિવાળી તો આપણી અંદરના દેવની દિવાળી ક્યારે?

દશેરા ગયો, દિવાળી પણ ઊજવી લીધી. ઘરની સફાઈ થઈ, નવાં વસ્ત્રો પહેર્યાં, મીઠાઈઓ વહેંચાઈ અને દીવડાઓ પ્રગટાવ્યા. હવે આવે છે દેવદિવાળી!

પણ ક્યારેય વિચાર્યું છે કે માણસની દિવાળી અને દેવની દિવાળી અલગ શા માટે? શું દેવતાઓને પણ આપણા જેવી દિવાળી ઊજવવાની જરૂર પડતી હશે?

આ પ્રશ્નનો જવાબ શોધવા માટે આપણે આપણા અંતરમાં ડોકિયું કરવું પડશે.

કારણ કે **દરેક વ્યક્તિની અંદર ત્રણ સ્વરૂપ વસે છે - દાનવ, માનવ અને દેવ!જ્યારે આપણામાં ક્રોધ, અહંકાર, ઈર્ષ્યા, સ્વાર્થ અને વેરવૃત્તિ જાગે છે ત્યારે આપણું દાનવત્વ પ્રગટે છે. જ્યારે આપણે પરિવારની જવાબદારીઓ નિભાવીએ છીએ, સુખદુઃખ વહેંચીએ છીએ અને સામાજિક વ્યવહાર જાળવીએ છીએ ત્યારે આપણું માનવત્વ પ્રગટે છે પરંતુ જ્યારે આપણે કોઈ અપેક્ષા વિના બીજાનું ભલું કરીએ છીએ, કોઈની ભૂલને ક્ષમા કરીએ છીએ, બીજાની પીડા સમજીએ છીએ અને પોતાના અહંકારથી ઉપર ઊઠીએ છીએ ત્યારે આપણામાં દેવત્વ પ્રગટે છે.**

આ દૃષ્ટિએ આપણા તહેવારોનો ક્રમ પણ કેટલો અર્થપૂર્ણ લાગે છે! દશેરાએ રાવણનું દહન કરીને આપણે પોતાના દુર્ગુણોને બાળવાનો સંકલ્પ કરીએ છીએ. દિવાળીએ ઘર અને જીવનમાં પ્રકાશ, સમૃદ્ધિ તથા આનંદ લાવીએ છીએ પરંતુ દેવદિવાળી આપણને એક ડગલું આગળ વધવાનું આમંત્રણ આપે છે– હવે માત્ર પોતાનું જીવન નહીં, બીજાનું જીવન પણ પ્રકાશિત કરો!

આ વિચારને આપણી પૌરાણિક પરંપરા સાથે જોડીએ. શિવપુરાણ અને મહાભારતમાં ભગવાન શિવ દ્વારા ત્રિપુરનો સંહાર કરવાની કથા મળે છે.

શિવપુરાણ અનુસાર તારકાસુરના ત્રણ પુત્રો– તારકાક્ષ, કમલાક્ષ અને વિદ્યુન્માલી–એ કઠોર તપસ્યા કરીને બ્રહ્માજી પાસેથી વરદાન મેળવ્યું હતું. મયદાનવે તેમના માટે સોના, ચાંદી અને લોખંડનાં ત્રણ અદ્ભુત નગરો બનાવ્યાં, જે આકાશમાં વિચરતાં હતાં. આ ત્રણેય નગરો હજાર વર્ષે માત્ર એક જ ક્ષણ માટે એક સીધી રેખામાં આવવાનાં હતાં અને એ જ ક્ષણે એક જ બાણથી તેમનો નાશ શક્ય હતો. વરદાનના બળે ત્રણેય અસુરો અત્યંત શક્તિશાળી બન્યા અને દેવતાઓને ત્રાસ આપવા લાગ્યા. આખરે દેવતાઓએ ભગવાન શિવનું શરણું લીધું. યોગ્ય ક્ષણ આવતાં ભગવાન શિવે એક જ બાણથી ત્રણેય નગરોનો સંહાર કર્યો અને ત્રિપુરારી તરીકે ઓળખાયા. લોકપરંપરા અનુસાર આ વિજયનો આનંદ દેવતાઓએ દીપ પ્રગટાવીને વ્યક્ત કર્યો, જેને કારતક પૂર્ણિમાની દેવદિવાળી સાથે જોડવામાં આવે છે. આ કથાનો સંબંધોની દૃષ્ટિએ મર્મ એ છે કે આપણા જીવનમાં પણ અહંકાર, સ્વાર્થ અને અસંવેદનશીલતાનાં ત્રણ અદૃશ્ય નગરો ઊભાં થઈ જાય છે. જ્યાં સુધી આ ત્રણેયનો નાશ નથી થતો, ત્યાં સુધી સંબંધોમાં સાચો પ્રકાશ પ્રગટતો નથી.

કાશીના ગંગાઘાટો પર હજારો દીવડાઓ પ્રગટાવવાની પરંપરા આજે પણ આ ઉત્સવને ભવ્ય બનાવે છે પરંતુ આ કથાને સંબંધોની દૃષ્ટિએ જોઈએ તો એક નવો અર્થ મળે છે. આપણા સંબંધોને નષ્ટ કરનાર ત્રણ ત્રિપુર કયા હોઈ શકે?

પહેલો – અહંકાર : હું જ સાચો!

બીજો – અપેક્ષા : બધાંએ મારા માટે જ કરવું જોઈએ!



ત્રીજો–અસંવેદનશીલતા : બીજાને શું થાય છે, મારે શું?

આ ત્રણેય જ્યારે એક સાથે આવે છે ત્યારે વર્ષો જૂના સંબંધો પણ તૂટી જાય છે. આ ત્રણ ત્રિપુરને બાળવા માટે શિવજીના બાણ જેવી એકાગ્રતા જોઈએ–પોતાની જાતને બદલવાનો દૃઢ સંકલ્પ!

મારી પાસે સંબંધોની સમસ્યા લઈને આવતા પરિવારોમાં ઘણી વાર જોવા મળે છે કે ઘરમાં કોઈ મોટી દુર્ઘટના નથી બની હોતી પરંતુ નાની નાની અપેક્ષાઓ અને અહંકારના કારણે વર્ષોથી અબોલા હોય છે.

એક પરિવારમાં બે ભાઈઓ વચ્ચે મિલકતના મુદ્દે બોલચાલ બંધ હતી. બંને પોતપોતાના ઘરમાં દર દિવાળીએ દીવડાઓ પ્રગટાવતા પરંતુ એકબીજાના ઘરે જતા નહીં. પ્રશ્ન એ હતો કે ઘરમાં અજવાળું હતું પણ સંબંધોમાં અંધકાર કેમ?

આવા પરિવારો માટે દેવદિવાળી એક સુંદર અવસર બની શકે. કોઈ એક વ્યક્તિ પહેલ કરીને કહે, 'ચાલ, જે થયું તે ભૂલીએ. આ વખતે સાથે દીવો પ્રગટાવીએ.'

કદાચ એ એક દીવો સો દીવડાઓ કરતાં વધુ પ્રકાશ આપી શકે!

દેવદિવાળીની આસપાસ આવતી બીજી સુંદર પરંપરા છે તુલસીવિવાહ.

કારતક સુદ અગિયારસથી પૂર્ણિમા સુધી વિવિધ પ્રાદેશિક પરંપરાઓ પ્રમાણે તુલસીવિવાહ ઊજવાય છે. પદ્મપુરાણ અને દેવીભાગવત જેવી પૌરાણિક પરંપરાઓમાં તુલસી, વૃંદા અને ભગવાન વિષ્ણુ સાથે સંકળાયેલી કથાઓ મળે છે.

તુલસીજીને કન્યાની જેમ શણગારવામાં આવે છે. શાલિગ્રામજી સાથે તેમનો વિવાહ કરવામાં આવે છે. મંડપ બંધાય છે, મંગળગીતો ગવાય છે અને આખો પરિવાર ઉત્સવમાં જોડાય છે.

અહીં એક સુંદર સામાજિક અને મનોવૈજ્ઞાનિક અર્થ છુપાયેલો છે.

ઘણા પરિવારોમાં, ખાસ કરીને જ્યાં દીકરી નથી, ત્યાં તુલસીજીને પોતાની દીકરી માનીને તેમનું કન્યાદાન કરવાની ભાવના જોવા મળે છે. આ વિધિ તેમને દીકરીના લગ્નનો આનંદ, લાગણીની અભિવ્યક્તિ અને ધાર્મિક સંતોષ આપે છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ જોઈએ તો આવી પ્રતીકાત્મક વિધિઓ વ્યક્તિની અધૂરી લાગણીઓને સકારાત્મક અભિવ્યક્તિ આપવાનું માધ્યમ બની શકે છે.

પરંતુ તુલસીવિવાહનો સંદેશ અહીં પૂરો થતો નથી. જે તુલસીના છોડને આપણે આખું વર્ષ પાણી પાઈને ઉછેરીએ છીએ, તેને એક દિવસ દીકરીનું સ્થાન આપીએ છીએ. જાણે આપણી સંસ્કૃતિ કહેતી હોય કે સંબંધ માત્ર માણસ સાથે જ નહીં, પ્રકૃતિ સાથે પણ બાંધવાનો હોય છે. તો પછી એક પ્રશ્ન થાય – તુલસીના છોડને દીકરીની જેમ શણગારનારો સમાજ પોતાની ઘરની દીકરી, પુત્રવધૂ કે પત્નીની લાગણીઓ પ્રત્યે કેટલો સંવેદનશીલ છે? ક્યારેક આપણે તુલસીવિવાહમાં કન્યાદાનનો મહિમા ગાઈએ છીએ પરંતુ ઘરમાં રહેતી પુત્રવધૂને પોતાના વિચારો વ્યક્ત કરવાની સ્વતંત્રતા આપતા નથી. તુલસીજીને પ્રેમથી પાણી પાઈએ છીએ પરંતુ વૃદ્ધ માતા-પિતાને બે મિનિટ પ્રેમથી સાંભળવાનો સમય નથી આપતા. તો પછી વિધિનો સાચો મર્મ ક્યાં રહ્યો?

તુલસીવિવાહ આપણને યાદ અપાવે છે કે લગ્ન માત્ર બે વ્યક્તિઓનું જોડાણ નથી; તે લાગણી, સન્માન, જવાબદારી અને પરસ્પર સંવર્ધનનો સંકલ્પ છે.

આ વર્ષે દેવદિવાળીએ એક નાનો પ્રયોગ કરીએ.

દશેરાએ આપણા દાનવત્વને ઓળખ્યું, દિવાળીએ માનવજીવનને શણગાર્યું; હવે દેવદિવાળીએ આપણામાં રહેલા દેવત્વને જાગૃત કરીએ.

જેની સાથે અબોલા છે તેને ફોન કરીએ. ઘરના વડીલોને સમય આપીએ. જીવનસાથીની કોઈ એક ન બોલાયેલી લાગણી સમજવાનો પ્રયત્ન કરીએ અને કોઈ જરૂરિયાતમંદના જીવનમાં નાનકડું અજવાળું પ્રગટાવીએ કારણ કે દાનવત્વનો અંત માત્ર રાવણ બાળવાથી નથી થતો, માનવત્વની ઉજવણી માત્ર દીવા પ્રગટાવવાથી નથી થતી અને દેવત્વની પ્રાપ્તિ માત્ર પૂજાપાઠથી નથી થતી. જ્યારે આપણા કારણે કોઈના જીવનનો અંધકાર થોડો ઓછો થાય, ત્યારે જ આપણી અંદર સાચી દેવદિવાળી ઊજવાય છે

- Instagram@gita.shroff